કરોડોની સરકારી જમીન કૌભાંડમાં મોટા માથાઓને બચાવવા નબળી કલમો લગાડાઈ હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

મહેમદાવાદના વાંઠવાડી જમીન કૌભાંડમાં SITની તપાસ માત્ર 'ભીનું સંકેલવાનો ખેલ'

સરદાર સરોવર નર્મદા નિગમની જમીનને લઇ કોંગ્રેસ દ્વારા આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) નડિયાદ તા.19

મહેમદાવાદ તાલુકાના વાંઠવાડી ગામે સરદાર સરોવર નર્મદા નિગમની કરોડોની કિંમતની સરકારી જમીનો બારોબાર વેચાઈ જવાનું કૌભાંડ હાલ વહીવટી તંત્ર માટે મુશ્કેલીનું કારણ બન્યું છે. આ પ્રકરણમાં તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીથી અસંતોષ વ્યક્ત કરતા આજે વિરોધ પક્ષ કોંગ્રેસ મેદાનમાં આવ્યું છે. કોંગ્રેસી આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે એસઆઈટી (SIT)ની રચના અને પોલીસ ફરિયાદ એ માત્ર જવાબદાર અધિકારીઓને છાવરવા માટેનો એક ખેલ છે.

વાંઠવાડી ગામમાં કૌભાંડ વાળી જગ્યાનું કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ નિરીક્ષણ કર્યા બાદ મહેમદાવાદ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં વિપક્ષનો મુખ્ય આક્ષેપ છે કે, સરકારી દફતરે નોંધાયેલી જમીનોના ખોટા દસ્તાવેજો બનાવી વેચાણ થઈ જાય તે સંબંધિત વિભાગના અધિકારીઓની જાણ બહાર શક્ય નથી. તેમ છતાં, હજુ સુધી કોઈ પણ સરકારી અધિકારી કે કર્મચારીના નામ પોલીસ ચોપડે ચઢ્યા નથી, જે સાબિત કરે છે કે તંત્ર પોતાના જ માણસોને બચાવવા હવાતિયા મારી રહ્યું છે.

આ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, જે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે તેમાં ઈરાદાપૂર્વક નબળી કલમો લગાડવામાં આવી છે જેથી કૌભાંડીઓ સરળતાથી કાયદાકીય પકડમાંથી છટકી શકે. આખી પ્રક્રિયા માત્ર નામ પૂરતી હોવાનું જણાવી કોંગ્રેસે માંગ કરી છે કે આ કૌભાંડના મૂળ સુધી તપાસ કરી તમામ સંડોવાયેલા નાના-મોટા અધિકારીઓ વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી કરવામાં આવે.

સ્થાનિક કક્ષાએ પણ આ મુદ્દે ભારે રોષ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસે ચીમકી ઉચ્ચારી છે કે જો તંત્ર દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં નહીં આવે અને માત્ર દેખાડા પૂરતી કામગીરી ચાલુ રહેશે, તો આગામી સમયમાં જલદ આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે. સરકારની તિજોરીને નુકસાન પહોંચાડનારા તત્વો સામે કડક દાખલો બેસાડવાની માંગ બુલંદ બની છે.

ડીજીપીએ ડાકોરમાં ફાગણી પૂનમ પહેલા બંદોબસ્ત અંગે સમીક્ષા કરી

ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક ડો. કે.એલ.એન. રાવ આજે ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરની મુલાકાતે આવ્યા હતા. તેમણે રણછોડરાયજીના દર્શન કર્યા બાદ સ્થાનિક પોલીસ અધિકારીઓ સાથે મહત્વની બેઠક યોજી હતી, જેમાં ખાસ કરીને આગામી સમયમાં આવી રહેલા ફાગણ સુદ પૂનમના મેળામાં સુરક્ષા વ્યવસ્થા અને યાત્રિકોની સલામતી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ડીજીપીએ સૌ પ્રથમ ડાકોરના રાજા રણછોડરાયજીના મંદિરે જઈને ઠાકોરજીના દર્શન કર્યા હતા અને વિધિવત રીતે ધજા અર્પણ કરી હતી.

ઉમરેઠ બાર એસોસિયેશનની પુનઃચૂંટણી પર હાઈકોર્ટનો સ્ટે

29 જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણી પર હાઇકોર્ટની રોક

(પ્રતિનિધિ) ઉમરેઠ, તા. 19

ઉમરેઠ બાર એસોસિયેશનની વર્ષ 2026ની ચૂંટણીને લઈને ચાલી રહેલા વિવાદમાં હાઈકોર્ટે અત્યંત મહત્વનો અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. પાંચ સભ્યોની કમિટી દ્વારા લેવામાં આવેલા નિર્ણયને પડકારતી રિટ પિટિશનમાં હાઈકોર્ટે એસોસિયેશનની પુનઃચૂંટણી પર રોક લગાવી દીધી છે અને બાર કાઉન્સિલ તથા ઉમરેઠ બારના નિર્ણય પર સ્ટે આપ્યો છે.

ઉમરેઠ બાર એસોસિયેશનના સિનિયર વકીલોના પંચ દ્વારા વર્ષ 2004ના એક બંધારણીય ઠરાવનો આધાર લઈ, ગત 5મી જાન્યુઆરી 2026ના રોજ લોકશાહી ઢબે ચૂંટાયેલા પ્રમુખ ધ્રુમિલ શુક્લને બરતરફ કરવાનો વિવાદિત નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સાથે જ, આગામી તારીખ 29મી જાન્યુઆરી 2026ના રોજ ફરીથી ચૂંટણી યોજવાની જાહેરાત પણ કરી દેવામાં આવી હતી.

આ નિર્ણયને અન્યાયી ગણાવી, નવનિર્વાચિત પ્રમુખ ધ્રુમિલ શુક્લ દ્વારા હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા હતા. આ કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ઉમરેઠ બાર એસોસિયેશનનો વર્ષ 2004નો જૂનો ઠરાવ, 5મી જાન્યુઆરીના રોજ સિનિયર વકીલોના પંચ દ્વારા લેવાયેલ બરતરફીનો નિર્ણય, 29મી જાન્યુઆરીએ યોજાનારી નવી ચૂંટણીની પ્રક્રિયા પર તાત્કાલિક અસરથી સ્ટે ઓર્ડર આપ્યો હતો.

નડિયાદમાં તંબુ તાણીને રમાતાં જુગારના અડ્ડા પર SMCનો દરોડો, 19 જણ પકડાયાં

કુખ્યાત યાસીન ઉર્ફે ખલીએ માણસોને પગાર પર રાખી હાઈટેક જુગારધામ શરૂ કર્યું હતું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.19

ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે નડિયાદ શહેરના ફૈઝાન પાર્ક વિસ્તારમાં બાતમીના આધારે દરોડો પાડી ખેતરમાં ચાલતા એક મોટા જુગારના અડ્ડાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે સ્થળ પરથી 19 જુગારીને ઝડપી લીધા છે, જ્યારે મુખ્ય સંચાલક સહિત 6 શખ્સો અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. આ દરોડામાં પોલીસે કુલ રૂપિયા 5.77 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદના ફૈઝાન પાર્કમાં રહેતો યાસીન ઉર્ફે ખલી વ્હોરા અને તેનો સાગરીત મહંમદ ઈકબાલ ઉર્ફે રોમી સોસાયટીની પાછળ આવેલા ખુલ્લા ખેતરમાં જુગારનો અડ્ડો ચલાવતા હતા. આ શખ્સોએ ખેતરમાં લોખંડના સ્થંભ ઉભા કરી પ્લાસ્ટિકના તંબુ બાંધી એક કામચલાઉ શેડ તૈયાર કર્યો હતો, જ્યાં બહારથી માણસો બોલાવીને 'અંદર-બહાર'નો હારજીતનો જુગાર રમાડવામાં આવતો હતો. બાતમીની ખરાઈ કર્યા બાદ SMCની ટીમે કોર્ડન કરીને દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી.

પોલીસની તપાસમાં બહાર આવ્યું છે કે, જુગાર રમવા માટે પૈસાના બદલામાં પ્લાસ્ટિકના અલગ-અલગ કલરના ટોકનનો ઉપયોગ કરવામાં આવતો હતો. પોલીસને સ્થળ પરથી 547 નંગ ટોકન મળી આવ્યા છે. આ દરોડા દરમિયાન મુખ્ય સૂત્રધાર યાસીન ઉર્ફે ખલી સહિત 6 શખ્સો નાસી છૂટ્યા હતાં. જેમને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ દરોડામાં રોકડ, વાહન સહિત કુલ રૂ.5.77 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો કરી કાર્યવાહી હાથ ધરી છે.

ઝડપાયેલા 19 માંથી 6 આરોપીઓ હિસ્ટ્રીશીટર

પોલીસના હાથે ઝડપાયેલા જુગારીઓ માત્ર શોખ ખાતર જુગાર રમવા આવ્યા ન હતા, પરંતુ તેમાંના ઘણા રીઢા ગુનેગારો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલા 19 આરોપીઓ પૈકી 6 આરોપીઓ વિરુદ્ધ ભૂતકાળમાં પણ જુગાર અને મારામારીના ગુના નોંધાયેલા છે. જેમાં મહંમદ ઇકબાલ સામે 2020માં, જાવેદખાન સામે 4 ગુના, અનસ ઉર્ફે દેડકો સામે 5 ગુના, અને અમીત મકવાણા સામે વટવા, ખોખરા અને ચાંદખેડામાં ગુનાઓ નોંધાયેલા હોવાનું ખુલ્યું છે.

આણંદ પ્રેસના શતાબ્દી મહોત્સવનો પ્રારંભ થયો

નવો લોગો લોન્ચ કરાયો અને 100 વર્ષના ઇતિહાસનું પ્રદર્શન ખુલ્લું મુકાયું

(પ્રતિનિધિ) આણંદ તા.19

આણંદના ગામડી વિસ્તારમાં સેન્ટ ઝેવીયર્સ રોડ પર આવેલી ઐતિહાસિક 'આણંદ પ્રેસ' દ્વારા તેના 100મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે ભવ્ય ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે આર્ચ બીશપ થોમાસ મેકવાન, અમદાવાદ ધર્મપ્રાંતના બીશપ રત્નાસ્વામી સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.,

આ પ્રસંગે સંબોધન કરતા આર્ચ બીશપ થોમાસ મેકવાને જણાવ્યું હતું કે, આણંદ પ્રેસે સામાજિક, ધાર્મિક અને આર્થિક ઉત્થાનનું ઉમદા કાર્ય આ ભૂમિ પરથી કર્યું છે. તેમણે ઉમેર્યું કે, અહીં છપાતું સાહિત્ય લોકોને ઈશ્વર તરફ વાળવાનું કાર્ય કરે છે, જે ખરેખર 'પ્રભુનું કામ' છે. બીશપ રત્નાસ્વામીએ વર્ષ 1981માં મર્યાદિત સાધનો વચ્ચે આ પ્રેસમાં સંપુર્ણ બાઈબલ છપાયું હતું તે ઐતિહાસિક ઘટનાને યાદ કરી તત્કાલીન કર્મચારીઓની મહેનતને બિરદાવી હતી. આ કાર્યક્રમ દરમિયાન આણંદ પ્રેસનો નવો લોગો ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત ઈસુ સંઘના વડા ફા. અન્ના દુરાઈ, પ્રેસ મેનેજર ફા. જયપ્રકાશ, રેકટર ફા. ફ્રાન્સીસ પરમાર સહિતના ધર્મગુરુઓ અને મોટી સંખ્યામાં ભુતપુર્વ કર્મચારીઓ હાજર રહ્યાં હતાં.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ખાનપુરના ખડોદી ખાતે શિક્ષકો અને પંચાયત સંવર્ગની ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

લુણાવાડા | ખાનપુર તાલુકાના ખડોદી ખાતે પ્રાથમિક શિક્ષક અને પંચાયત સંવર્ગ દ્વારા ભાઈચારો કેળવવાના હેતુથી ભવ્ય ટેનિસ બોલ ક્રિકેટ ટુનમિન્ટનું આયોજન કરાયું હતું. આ રસાકસીભરી સ્પર્ધામાં તાલુકાના શિક્ષકોની કુલ પાંચ ટીમોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો અને મેદાન પર ખેલદિલીનું પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બી.આર.સી. કો-ઓર્ડિનેટર સહિતના મહાનુભાવોએ ખાસ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

નડિયાદના સલુણ ગામના વૈધના કૂવા પ્રાથમિક શાળા ખાતે પતંગોત્સવ ઉજવાયો

નડિયાદ | અબાલ વૃદ્ધ સૌમાં બાળકોને ઉત્સવો વધુ પ્રિય હોય છે. તેમાંયે ઉત્તરાયણ બાળકોનો વધુ મનગમતો તહેવાર ગણાય છે. પ્રાથમિક શાળા , વૈધનો કૂવો સલુણ ખાતે બાળકોને આ તહેવારની ઉજવણીના ભાગરૂપે પતંગ બનાવવાની પ્રવૃતિ કરવામાં આવી હતી. બાદ ખુલ્લા આકાશ નીચે બાળકોએ કુદરતી સાંનિધ્યમાં પતંગ ઉડાવવાનો આનંદ માણ્યો હતો. શાળાના આચાર્ય સંજય વાઘેલાએ બાળકોને જીવનમાં અભ્યાસનો પતંગ ઊંચે ચઢાવવા માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

મહીસાગર જિલ્લામાં સિંચાઈ અને પીવાના પાણીના પ્રકલ્પોની મંત્રીએ સમીક્ષા કરી

ખાનપુર | મહીસાગર જિલ્લાના ખાનપુર અને કડાણા તાલુકાના જળ પ્રકલ્પોની રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલે મુલાકાત લઈ સિંચાઈ અને પીવાના પાણીની સુવિધા સુદ્રઢ કરવા કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. તેમણે 800 હેક્ટર વિસ્તારમાં સિંચાઈ પૂરી પાડતી રૂ. 54 કરોડની ખાનપુર-પાદેડી યોજના અને બામરોડા ગામે નિર્મિત ફિલ્ટર પ્લાન્ટ તેમજ 43 લાખ લિટરની ક્ષમતા ધરાવતા સંપની પ્રત્યક્ષ ચકાસણી કરી હતી. મંત્રીએ જિલ્લાની જીવાદોરી સમાન કડાણા ડેમમાં જળ સંગ્રહની સ્થિતિ નિહાળી હતી અને નરોડા તળાવ સહિત નાની ક્યારી ખાતેના પમ્પિંગ સ્ટેશનના કામોનું નિરીક્ષણ કર્યું હતું. ધારાસભ્ય કુબેરભાઇ ડિંડોર અને અધિકારીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ પ્રવાસ દરમિયાન તેમણે ગ્રામીણ વિસ્તારોમાં જળ વિતરણ વ્યવસ્થા વધુ મજબૂત કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.

બાકરોલની સ્પેક એન્જી.ની વિદ્યાર્થિની ધ્યાના યાજ્ઞિકની યોગાસનમાં નેશનલ કક્ષાએ પસંદગી

આણંદ | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ (સ્પેક), બાકરોલની વિદ્યાર્થીની ધ્યાના યાજ્ઞિકની ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સીટી યોગાસન વુમન ચેમ્પિયનશિપમાં પસંદગી થઈ છે. બેંગ્લોર ખાતે જીટીયુ દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ધ્યાનાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સમગ્ર ગુજરાતમાંથી વેસ્ટ ઝોન માટે પસંદગી પામી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ ટુનમિન્ટમાં ધ્યાનાએ કોલેજના આચાર્ય ડો. નાનક પમનાણી અને સ્પોર્ટ્સ કો-ઓર્ડીનેટર્સના માર્ગદર્શન હેઠળ ભાગ લઈ શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. આ સફળતા બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ, તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા વિદ્યાર્થીનીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

આણંદના મોગરીની આઇજે પટેલ બી.એડ્ કોલેજમાં રમતોત્સવની ઉજવણી કરાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઇજે પટેલ બી.એડ્ કોલેજ, મોગરી દ્વારા તાલીમાર્થીઓમાં ખેલદિલી, જુસ્સો અને સમુહ ભાવના જેવા ગુણો વિકસે તે માટે સ્પંદન સમધારા અંતર્ગત બે દિવસીય રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસે ઊંચી કૂદ, 100 મીટર દોડ, લાંબી કુદ, દોરડા ખેંચ, કુગ્ગા ફોડ તેમ જ બીજા દિવસે ચક્ર ફેક, ગોળા ફેક, સંગીત ખુરશી અને ક્રિકેટ જેવી સ્પર્ધાઓમાં તાલીમાર્થીઓ દ્વારા ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અધ્યાપક અમૃતભાઈ તીરગર દ્વારા કરવામાં આવ્યું હતું.

આણંદની અલ્પેશ એન. પટેલ પી.જી. ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓની શૈક્ષણિક મુલાકાત લીધી

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત અલ્પેશ એન. પટેલ પી.જી. ઇન્સ્ટિટ્યૂટના એમ.એસસી. બાયોકેમિસ્ટ્રીના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક અભ્યાસક્રમના ભાગરૂપે 'શ્રી અભિમન્યુ બાયોટેક' પ્લાન્ટ ટીશ્યુ કલ્ચર સુવિધાની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને વાણિજ્યિક પ્લાન્ટ ટીશ્યુ કલ્ચર તકનીકો અને આધુનિક પ્રયોગશાળા પદ્ધતિઓનો પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડવાનો હતો. વિદ્યાર્થીઓએ અહીં મીડિયા તૈયારી અને વંધ્યીકરણ જેવી વિવિધ વૈજ્ઞાનિક પ્રક્રિયાઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને કૃષિ અને બાગાયત ક્ષેત્રે ઉચ્ચ ગુણવત્તાયુક્ત વનસ્પતિઓના સંરક્ષણમાં ટીશ્યુ કલ્ચરના મહત્વ વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી.

મહીસાગર જિલ્લા ભાજપે મહારાષ્ટ્રમાં ભાજપના ભવ્ય વિજયને ફટાકડા ફોડી વધાવ્યો

લુણાવાડા | મહારાષ્ટ્રમાં ભાજપ ગઠબંધનના પ્રચંડ વિજયની ખુશીમાં મહીસાગર જિલ્લાના મુખ્યમથક લુણાવાડા ખાતે જિલ્લા ભાજપ દ્વારા ભવ્ય વિજય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા અને પ્રદેશ મંત્રી મુક્તિબેન જોશીની ઉપસ્થિતિમાં કાર્યકરોએ ચાર કોશિયા નાકા સ્થિત કાર્યાલયે એકત્ર થઈ વિજયને વધાવ્યો હતો. આ પ્રસંગે કાર્યકર્તાઓએ 'ભારત માતા કી જય'ના નારા લગાવી, ફટાકડા ફોડી અને એકબીજાના મોં મીઠા કરાવીને સમગ્ર વાતાવરણને ઉત્સાહમય બનાવી દીધું હતું. આ ઉત્સવમાં ઢોલ-નગારાના તાલે યોજાયેલા જિલ્લા ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના સદસ્યો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

આણંદની વિદ્યાર્થીની રિયા પટેલની પ્રતિષ્ઠિત 'પ્રધાનમંત્રી ડોક્ટરલ ફેલોશિપ' માટે પસંદગી

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટીની તેજસ્વી વિદ્યાર્થીની રિયા અલ્પેશકુમાર પટેલને ભારત સરકારની CII-ANRF પ્રધાનમંત્રી ફેલોશિપ યોજના માટે પસંદ કરવામાં આવી છે. કુલપતિ ડો. કે. બી. કથીરીયાએ આ સિદ્ધિને યુનિવર્સિટીના સંશોધન કાર્યની ગુણવત્તા અને વિદ્યાર્થીઓની પ્રતિભાનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું છે. આ ફેલોશિપ હેઠળ હવે વિદ્યાર્થીનીએ ઇન્ડસ્ટ્રી પાર્ટનર સાથે મળીને સંયુક્ત સંશોધન કાર્ય માટેના કરાર (MoA) કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. યુનિવર્સિટી પરિવારે આ રાષ્ટ્રીય સ્તરની સિદ્ધિ બદલ રિયા પટેલને અભિનંદન પાઠવી તેના ભાવિ સંશોધન કાર્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.



ખાનપુર વન વિભાગ દ્વારા ઉતરાયણ પર્વ નિમિત્તે પક્ષી બચાવો જનજાગૃતિ અભિયાન

ખાનપુર | મહીસાગર વન વિભાગના ખાનપુર રેન્જ દ્વારા લીમડીયા ખાતે ઉતરાયણ દરમિયાન પક્ષીઓને દોરીથી થતી ઇજાઓ અટકાવવા જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા અને સવાર-સાંજ પક્ષીઓના વિહાર સમયે પતંગ ન ચગાવવા સ્થાનિકોને ખાસ અપીલ કરવામાં આવી હતી. જેમાં ઇજાગ્રસ્ત પંખીઓની તત્કાલ સારવાર માટે વન વિભાગ દ્વારા હેલ્પલાઇન નંબર 1926, પોલીસ (112) અને મેડિકલ (108) જેવી સેવાઓની માહિતી અપાઈ હતી. પર્યાવરણ અને પક્ષીઓના રક્ષણ માટેના આ 'કરુણા અભિયાન'ને સ્થાનિક લોકોએ બહોળો પ્રતિસાદ આપી પક્ષી સુરક્ષા માટે જાગૃતિ દર્શાવી હતી.

આણંદમાં સ્વાતંત્રસેનાની સ્વ. પી. એમ. પટેલના 27મા નિર્વાણદિને ભાવાંજલિ અપાઈ

આણંદ | આણંદ સ્થિત એપીએમએસ સંસ્થાના પ્રેરણાસ્ત્રોત અને સ્વાતંત્રસેનાની સ્વ. પુરુષોત્તમદાસ મોતીભાઈ પટેલના 27મા નિર્વાણદિન નિમિત્તે સંસ્થાના હોદ્દેદારો અને સ્ટાફગણ દ્વારા વિશેષ સભા યોજી પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. આ પ્રસંગે સંસ્થાના વાઈસ પ્રેસિડેન્ટ ડો. પાર્થ બી. પટેલ અને સેક્રેટરી ડો. ઈશિતાબેન પી. પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સ્વર્ગસ્થના સ્ટેચ્યુને ફૂલહાર કરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. આ સંસ્થાના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલના પિતાના આ નિર્વાણદિને સમગ્ર શૈક્ષણિક પરિવાર દ્વારા તેમને ભાવસભર વંદના કરવામાં આવી હતી.

ગો. જો. શારદા મંદિરની મનોદિવ્યાંગ વિદ્યાર્થીની નિત્યા ઉપાધ્યાયે બે સુવર્ણ પદક જીત્યા

આણંદ | કરમસદમાં યોજાયેલ સ્પેશિયલ ખેલ મહાકુંભ-2025માં ગો. જો. શારદા વિદ્યામંદિરની ધોરણ 9ની વિદ્યાર્થીની નિત્યા ઉપાધ્યાયે 100 મીટર દોડ અને બેડમિન્ટનમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ બંને સ્પર્ધાઓમાં વિજેતા બનવા બદલ નિત્યાને કુલ દસ હજાર રૂપિયાનું રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવી છે. નિત્યાની આ સિદ્ધિમાં તેની શિક્ષિકા રાધાબેન પટેલ, શાળાના આચાર્ય યામિનીબેન અને તેના માતા-પિતાનું માર્ગદર્શન તથા પ્રોત્સાહન મહત્વનું રહ્યું છે. આ ગૌરવશાળી સફળતા અન્ય દિવ્યાંગ ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની છે અને સ્પેશિયલ ખેલ મહાકુંભ જેવા મંચની ઉપયોગિતા સાબિત કરે છે.